RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 16* Date: 05.11.2022, Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# પાટનગરમાં પ્રદૂષણ માટે દોષારોપણ બંધ કરીને ઉકેલ શોધીએ: કેજરીવાલ

**જો પંજાબમાં પરાલી સળગી રહી છે તો તેના માટે અમારી સરકાર અને અમે જવાબદાર છીએ**



નવીદિલ્હી,તા.૪

દિલ્લીમાં વધતા પ્રદૂષણ મામલે ભાજપના આરોપો પર હવે દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૪ નવેમ્બર, શુક્રવારે પલટવાર કરીને કહ્યુ કે, 'દિલ્લી કે પંજાબ સરકાર આના માટે સંપૂર્ણપણે જવાબદાર નથી. આના ઘણા કારણો છે. આમાં કેન્દ્ર સરકારે આગળ આવીને મોટા પગલાં લેવા પડશે. દોષારોપણ કરવાનો સમય નથી. આટલા સંવેદનશીલ મુદ્દા પર રાજનીતિ કરવાનો સમય નથી. રાજનીતિ રમવાથી ઉકેલ નહિ મળે અને જનતાને એનો કોઈ ફાયદો નહિ થાય.'

દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના સીએમ ભગવંત માને સંયુક્ત પ્રેસ કૉન્ફરન્સ કરી હતી. આ દરમિયાન દિલ્લીના સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યુ, 'દિલ્લીમાં હવા ખૂબ જ ખરાબ થઈ ગઈ છે અને લોકોને શ્વાસ લેવામાં ઘણી તકલીફ થઈ રહી છે. તેમણે કહ્યુ કે આ સમસ્યા માત્ર દિલ્લીની નથી પરંતુ સમગ્ર ઉત્તર ભારતની સમસ્યા છે. કેજરીવાલે કહ્યુ કે આ સમસ્યા માટે માત્ર આમ આદમી પાર્ટી અને દિલ્લી-પંજાબની સરકારો જ જવાબદાર નથી. સ્થાનિક અને પ્રાદેશિક કારણો સહિત પ્રદૂષણ વધવાના ઘણા કારણો છે. તેમણે કહ્યુ કે પવન અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં જાય છે.

કેજરીવાલે કહ્યુ કે કેન્દ્ર સરકારે આગળ આવીને પ્રદૂષણ માટે મોટા પગલા લેવા પડશે. જેથી સમગ્ર ઉત્તર ભારતને પ્રદૂષણથી બચાવી શકાય. તેમણે કહ્યુ કે પંજાબમાં પરાલી સળગી રહી છે અમે માનીએ છીએ. આના માટે ખેડૂતો જવાબદાર નથી, ખેડૂતોને ઉકેલની જરૂર છે. જે દિવસે ખેડુતોને ઉકેલ મળશે તે દિવસે તેઓ પરાલી બાળવાનું બંધ કરી દેશે. કારણ કે પરાલીનો ધુમાડો દિલ્લી પહોંચે તે પહેલા તે ધુમાડો ખેડૂતના ઘરે પહોંચી જાય છે. કેજરીવાલે કહ્યુ કે જો પંજાબમાં પરાલી સળગી રહી છે તો તેના માટે અમારી સરકાર અને અમે જવાબદાર છીએ. જો કે, તેમણે કહ્યુ કે આવતા વર્ષ એટલે કે ૨૦૨૩ સુધીમાં પરાલી સળગાવવાના કેસમાં ઘટાડો થશે. તેમણે કહ્યું કે દિલ્હીમાં પ્રદૂષણ ઘણું વધારે થઈ ગયું છે. લોકોને શ્વાસ લેવામાં મુશ્કેલી થઈ રહી છે. આ ફક્ત દિલ્હીની નહીં પણ સમગ્ર ઉત્તર ભારતની સમસ્યા છે. દિલ્હી ઉપરાંત હરિયાણા અને યૂપીના ઘણા શહેરોમાં હવા ખૂબ જ ખરાબ ચાલી રહી છે. તેમણે કહ્યું કે તેના માટે ઘણા લોકલ કારણો છે. એક રાજ્યની હવા એક રાજ્યમાં નથી રહેતી અહીંથી ત્યાં જાય છે. કેન્દ્ર સરકારે પગલા ઉઠાવવા જોઈએ.

કેજરીવાલે આગળ કહ્યું કે, પંજાબ અને દિલ્હીમાં અમારી સરકાર છે.

રાજનીતિ કરવાનો સમય નથી. અમારી ઉપર આંગળી ઉઠાવવાનો સવાલ નથી. અમે માનીએ છીએ કે પંજાબમાં પરાળ સળગી રહી છે. પણ જ્યાં સુધી ખેડૂતોને સમાધાન નહીં મળે તો તેઓ શું કરશે. તેમની જવાબદારી નથી. અમે તેની જવાબદારી લઈએ છીએ જો પંજાબમાં પરાળ બળી રહી છે તો. માન સરકારે ઘણા પગલા ભર્યા છે. કેટલીક સફળતા મળી, કેટલીક નથી મળી. પણ હવે લાગી ગયા છે જેથી આવતા વર્ષ સુધીમાં ઠોસ સમાધાન નિકળશે. તેમાં કોઈ બ્લેમ ગેમ નથી. પરાળ બળી રહી છે તેના માટે અમે જવાબદાર છીએ, એ એમે માનીએ છીએ.

આ દરમિયાન પંજાબના સીએમ ભગવંત માને કહ્યુ કે ડાંગર અને ઘઉંના પાકમાં માત્ર ૧૦થી ૧૨ દિવસનુ અંતર છે. આ અંતર વચ્ચે ખેડૂતોએ ખેતરોમાંથી પરાલી દૂર કરવી પડે છે અને તેઓ આટલી ઝડપથી પરાલી દૂર કરી શકતા નથી. માટે તેમની પાસે માત્ર માચીસ સળી બચે છે. પરંતુ આવતા વર્ષે નવેમ્બર સુધીમાં અમે તેનો ઉકેલ શોધી લઈશુ. સીએમ કેજરીવાલે જાહેરાત કરી છે કે રાજધાની દિલ્લીમાં આવતીકાલે ૫ નવેમ્બરથી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી રહી છે. જ્યાં સુધી દિલ્લીનુ વાયુ પ્રદૂષણ સુધરે નહિ ત્યાં સુધી. તેમણે એમ પણ કહ્યુ કે ઓડ-ઈવનનો વિચાર ચાલી રહ્યો છે. જરૂર પડશે તો ઓડ-ઈવન લાગુ કરવામાં આવશે.

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ પંજાબના મુખ્યપ્રધાન ભગવંત માનને તેમના રાજ્યમાં પરાલી સળગાવવા અંગે પત્ર લખ્યો છે. એલજી વીકે સક્સેનાએ એક પત્ર દ્વારા ભગવંત માનને પંજાબમાં પરાલી સળગાવવા પર નિયંત્રણ માટે તાત્કાલિક અને નક્કર પગલાં લેવા જણાવ્યુ છે. વધુમાં લખ્યુ કે તેમણે ફરી એકવાર રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્લી ગેસ ચેમ્બરમાં ફેરવી દીધી છે.

### પીએમ આવાસ યોજનામાં કૌભાંડ

## ભૂતોને મળ્યા મકાન, બેંક ખાતા વિના પણ લાભાર્થીઓના પૈસા બીજાના નામે ટ્રાંસફર થયા

**જે પણ લોકોને આ યોજનાના લાભાર્થી બતાવવામાં આવ્યા હતાં તે તુટેલા ફુટેલા અને કાચા ઘરો અને ઝુંપડપટ્ટીમાં રહેવા માટે મજબુર**




ભોપાલ,,તા.૪

મધ્યપ્રદેશની શિવરાજ સિંહ ચૌહાણ સરકાર વડાપ્રધાન આવાસ યોજના કૌભાંડમાં ગુંચવાઇ ગઇ છે.અહીં એવા વ્યક્તિઓના નામ પર પણ આ યોજના હેઠળ આવાસ ફાળવવામાં આવ્યા છે જેમના મોત આજથી ૪-૫ વર્ષ પહેલા થઇ ચુકયા છે.ધનતેરસના દિવસે મોટો કાર્યક્રમ કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથે સાઢા ચાર લાખ ગરીબોને પીએમ આવાસ આપવામાં આવ્યા હતાં.

સુત્રોના જણાવ્યા અનુસાર સતના જીલ્લાના એક ગ્રામ પંચાયતમાં જે પણ લોકોને આ યોજનાના લાભાર્થી બતાવવામાં આવ્યા હતાં તે તુટેલા ફુટેલા અને કાચા ઘરો અને ઝુંપડપટ્ટીમાં રહેવા માટે મજબુર છે.આ ગામની લાલમનિ ચૌધરીનું નામ પીએમ આવાસ યોજના હેઠળ ફાળવવામાં આવ્યું છે.પરંતુ તેનું મૃત્યુ ૨૦૧૬માં જ થઇ ગયું હતું પરંતુ આમ છતાં વર્ષ ૨૦૨૧૨૨માં તેમના નામ પર વડાપ્રધાન આવાસ મંજુર થયું ઘર પણ બન્યું પૈસા પણ નિકળ્યા જો કે આ બધુ જ કાગળો પર હકીકત એ છે કે તેમની વિધવા પત્ની,દિવ્યાંગ પુત્ર કચ્ચા ઘરમાં જ રહે છે અને તેમને કોઇ પૈસા મળ્યા નથી જયારે તેમની પાસે મોજુદ કાગળોને તપાસવામાં આવ્યા તો જાણવા મળ્યું કે તેમના બેંકમાં પૈસાના હપ્તા પહોંચ્યા જો કે તેમને કંઇ પણ મળ્યું નહીં જયારે તેમના બેંક એકાઉન્ટની પાસબુકમાં પણ આ રીતની એમાન્ટ ટ્રાંજેકશનની કોઇ માહિતી નથી લાલમનિના પુત્રનું કહેવુ છે કે અમારા બેંક ખાતામાં કોઇ પણ પૈસા આવ્યા નથી જયારે અમે આ કાગળ નિકાળ્યા તો અમને તેની માહિતી મળી પહેલા અમને કોઇ માહિતી ન હતી ત્યારબાદ અમે ગ્રામ સચિવને કહ્યું તો તેમણે કહ્યું કે હું કયાંકથી વ્યવસ્થા કરી દઇશ

વડાપ્રધાન મોદીવાળા કાર્યક્રમમાં મુખ્યમંત્રી શિવરાજ અને તેમના કેબિનેટના સભ્ય સતનામાં કરોડોના મંચ પર હાજર હતાં.મંચ બનાવવાનો ખર્ચ લગભગ ત્રણ કરોડ રૂપિયા હતો પરંતુ જયાં આ કાર્યક્રમ થઇ રહ્યો હતો તેનાથી ૪૦ કિમી દુર જતા લગભગ ૬૫૦ ઘર તપાસના ઘેરામાં છે જો કે પ્રશાસનનું કહેવુ છે કે તેની તપાસ માટે ૧૦ ટીમો બનાવવામાં આવી છે જો કે તેઓ કેમેરાની સામે બોલવા માટે તૈયાર ન હતાં કલેકટરે બેઠકનું બહાનુ બતાવ્યું મંત્રીએ પુજામાં બેઠા હોવાનું બહાનુ બતાવ્યું

જો કે પ્રશાસનની પ્રેસ યાદી અનુસાર તેમને એ માહિતી મળી છે કે ૭૫ લોકોની સાથે છેંતરપીડી થઇ છે.આ મામલામાં ત્રણ લોકોની વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. સતના જીલ્લાા રહિકવારાના જે પૂર્વ સરપંચ બલવેન્દ્રની વિરૂધ્ધ મામલા દાખલ થયો છે તે સતના જીલ્લા ભાજપના સતત બે વાર અધ્યક્ષ રહેલ સુરેન્દ્રસિંહનો ભાઇ છે.

રહિકવારા ગ્રામ પંચાયતની રહેવાસી સુંદી બાઇની કહાની પણ લાલમનિ જેવી જ છે તેમને પણ કાગળોમાીં શૌચાલય,રાશન આવાસ બધુ જ મળ્યું પરંતુ તે હજુ પણ ઝુંપડીમાં રહેવા માટે મજબુર છે કારણ કે હકીકતમાં તેમને કાંઇ આપવામાં આવ્યું નથી જયારે ખપરૈલમાં મુન્નાભાઇને પણ મકાન મળ્યું નથી તેમને તો એ પણ ખબર નથી કે તેમની સાથે છેંતરપીડી થઇ છે. સરકારી કાગળોમાં લોકોના બેંક એકાઉન્ટમાં ઘરોના નિર્માણ માટે હપ્તા જારી કરવામાં આવ્યા છે પરંતુ હકીકતમાં અનેક એવા લોકો છે જેમાં બેંક ખાતા જ નથી

## કેસીઆરે ભાજપ પર લગાવ્યા ગંભીર આરોપ, ધારાસભ્યોના હોર્સટ્રેડિંગનો વીડિયો જાહેર કર્યો

**ભાજપે અત્યાર સુધી ૮ સરકારો પાડી છે અને તેમની યોજના બીજી ૪ સરકારો પાડવાની છે.**



હૈદરાબાદ,તા.૪

તેલંગાણાના મુખ્યમંત્રી કેસીઆરે ભાજપ પર ફરીથી મોટો આરોપ લગાવ્યો છે. તેમણે એક વીડિયો જાહેર કરીને કહ્યુ કે તેમની પાર્ટીના ધારાસભ્યોને ભાજપ તરફથી લાંચ આપવામાં આવી છે. ભાજપે અત્યાર સુધી ૮ સરકારો પાડી છે અને તેમની યોજના બીજી ૪ સરકારો પાડવાની છે. કેસીઆરનુ કહેવુ છે કે ભાજપના ૨૪ લોકોની ટીમ વિવિધ રાજ્યોમાં ધારાસભ્યોનો શિકાર કરવા અને ચૂંટાયેલી સરકારો પર બુલડોઝર ચલાવવાનુ કામ કરી રહી છે. કેસીઆરે ન્યાયતંત્રને અપીલ કરી છે કે તેલંગાણાના ધારાસભ્યોના શિકારનો મામલો માત્ર આ રાજ્ય પૂરતો મર્યાદિત નથી, અન્ય રાજ્યોમાં પણ થવાની સંભાવના છે.

કેસીઆરે મીડિયા સામે એક પછી એક ઘણા વીડિયો રજૂ કર્યા. આ વીડિયો દ્વારા તેમણે દાવો કર્યો હતો કે ભાજપે થોડા દિવસો પહેલા તેમના ધારાસભ્યોને ખરીદવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તેમણે કહ્યુ કે આ ફૂટેજ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ, જજો, હાઈકોર્ટના ચીફ જસ્ટિસ, તમામ સીએમ, ડીજીપી અને મીડિયા હાઉસને પણ મોકલવામાં આવશે. કેસીઆરે કહ્યુ કે ભાજપના નેતાઓએ રાજ્ય સરકારને પછાડવા માટે ટીઆરએસ ધારાસભ્યોને લાંચની ઑફર નહોતી કરવી જોઈતી.

તેલંગાણાના સીએમ કેસીઆરે કહ્યુ, 'આજે લોકશાહીની હત્યા થઈ રહી છે. ભાજપ આખા દેશને બરબાદ કરી રહી છે, સસ્તી રાજનીતિ કરી રહી છે અને ફેક ન્યૂઝ ફેલાવી રહી છે. જયારે ઈન્દિરા ગાંધી વડાપ્રધાન હતા અને બાંગ્લાદેશ જીતી ગયા ત્યારે તેમણે ઈમરજન્સી લાદીને નાની ભૂલ કરી હતી. તે તેમને મોંઘુ પડ્યુ હતુ.' આ પહેલા પણ મુખ્યમંત્રી કેસીઆર પોતાના ધારાસભ્યોને ખરીદવાના પ્રયાસને લઈને મોટુ નિવેદન આપી ચૂક્યા છે. તેમણે દાવો કર્યો હતો કે જેમની ધરપકડ કરવામાં આવી હતી તેઓએ ટીઆરએસના ચાર ધારાસભ્યોને હોર્સ-ટ્રેડ કરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં ૨૦ વખત ગૃહમંત્રી અમિત શાહ અને બે વાર પીએમ મોદીનુ નામ લેવામાં આવ્યુ હતુ. તેમણે જણાવ્યુ કે વાતચીત દરમિયાન તેમની પાર્ટીના ધારાસભ્યોને કહેવામાં આવ્યુ કે તેમને ચિંતા કરવાની જરૂર નથી. તેમને ઈંઢ અને આવકવેરા સુરક્ષા સાથે રૂ શ્રેણીની સુરક્ષા પૂરી પાડવામાં આવશે. કેસીઆરે કહ્યુ હતુ કે, 'આજે હું મારા એ જ ધારાસભ્યો સાથે એક મંચ પર છું. આનાથી એટલુ સ્પષ્ટ થાય છે કે આપણને કોઈ તોડી શકે નહિ.

## હિમાચલમાં ૫-૮ વર્ષ સત્તા બદલવાનો ટ્રેડ,રાજ નહીં રિવાજ બદલાશે : મુખ્યમંત્રી જયરામ

શિમલા,તા.૪

હિમાચલ પ્રદેશ વિધાનસભા ચુંટણીને લઇ તમામ પક્ષો તરફથી તૈયારીઓ તેજ થઇ ગઇ છે. ૧૨મી તારીખે મતદાન થનાર છે.ભાજપ એકવાર ફરી જયરામ ઠાકુરના નેતૃત્વમાં ચુંટણી મેદાનમાં છે. મુખ્યમંત્રીએ ચુંટણીઓને લઇને કહ્યું હતું કે આ વખતે રાજ નહીં રિવાજ બદલાશે.ચુંટણી પરિણામને લઇ તેમણે કહ્યું કે હું સંપૂર્ણપણે આશ્વસ્ત છું હિમાચલ પ્રદેશમાં આ વખતે અમે એક નવી શરૂઆત કરી રહ્યાં છીએ અને તે નવી શરૂઆત એ છે કે જે પાંચ પાંચ વર્ષ બાદ સરકાર બદલવાનો જે એક રિવાજ બન્યો છે તેને રિવાજમાં બદલી દઇશું.તેના અનેક કારણો છે સમગ્ર દેશમાં જયાં પણ ચુંટણી થઇ રહી છે ત્યાં ભાજપન ી સરકાર નથી ત્યાં ભાજપની સરકારો બની રહી છે જયાં ભાજપની સરકાર છે પાંચ વર્ષ સુધી ચાલ્યા બાદ ફરી ત્ સરકારમાં આવી રહી છે.દેશનું તમામ જનમાસ અને ખાસ કરીને જે રાજયોમાં ચુંટણી થઇ રહી છે તેની એક ભાવના છે કે નરેન્દ્ર મોદીજીને તાકાત આપવાની છે મજબુતી આપવાની છે તેમની સાથે ઉભા રહેવાનું છે અને દેશને આગળ વધારવાનો છે.આથી જ ઉત્તરપ્રદેશમાં ૩૭ વર્ષો બાદ ફરીથી સરકાર ભાજપની બની અને ઉત્તરાખંડમાં જયારથી રાજય બન્યું છે ત્યારથી સરકાર કયારેય રીપીટ થઇ નથી ઉત્તરાખંડમાં પણ ભાજપની વાપસી થઇ છે અમે કહી રહ્યાં છીએ કે એક રિવાજમાં પરિવર્તન આવ્યું છે તો હવે હિમાચલ પ્રદેશમાં પણ આ વાત જોવા મળશે આ અમે કહી રહ્યાં નથી પરંતુ લોકોની વચ્ચેથી અવાજ આવી રહ્યો છે કે આ રિવાજને બદલવો જોઇએ હિમાચલે નરેન્દ્ર મોદીજીની સાથે ચાલવું જોઇએ ડબલ એન્જીનની સરકાર જેનો ઉલ્લેખ કરે છે તેવું થવું જોઇએ.

## પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતીએ કેન્દ્રીય મંત્રી જયોતિરાદિત્ય સિંધિયાની ભારે પ્રશંસા કરી

ભોપાલ,તા.૪

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના ફાયર બ્રાંડ નેતા ઉમા ભારતીએ કેન્દ્રીય મંત્રી જયોતિરાદિત્ય સિંધિયાને લઇ મોટું નિવેદન આપ્યું છે ઉમા ભારતીએ જયોતિરાદિત્ય સિંધિયાની ખુબ પ્રશંસા કરી તેમને હીરો બતાવ્યા છે.હકીકતમાં પત્રકારો સાથે વાતચીત કરતા ઉમા ભારતી કોંગ્રેસ પર નિશાન સાધી રહ્યાં હતાં આ દરમિયાન જયારે મધ્યપ્રદેશમાં કોંગ્રેસના ભવિષ્ય પર સવાલ કરવામાં આવ્યો ત્યારે તેના જવાબમાં તેમણે કહ્યું હતું કે આગામી ચુંટણીમાં મધ્યપ્રદેશમાં કોંગ્રેસને ૨૦ બેઠકોથી વધુ બેઠકો મળશે નહીં તેમની પાસે એક હીરો હતો આ કારણે કોંગ્રેસ ૨૦૧૮માં સરકાર બનાવવામાં સફળ થઇ હતી આ હકીકત છે કે તેનાથી અમે હારી ગયા હતાં પરંતુ આજે જે હીરો જયોતિરાદિત્યના રૂપમાં અમારી પાસે છે કોંગ્રેસ પાર્ટી વિધાનસભા ચુંટણીમાં માત્ર ૨૦ બેઠકો પર સમેટાઇ જશે તેની આગામી વિધાનસભા ચુંટણીમાં ૨૦ બેઠકો આવશે તો પણ આ મોટી વાત હશે આ વખતે કોંગ્રેસના સુપડા સાફ થઇ જશે. ઉમા ભારતીનું આ નિવેદન મધ્યપ્રદેશના રાજનીતિમાં નવા સમીકરણોને જન્મ આપતુ જોવા મળી રહ્યું છે ઉમા ભારતીએ જે રીતે સિંધિયાની પ્રશંસા કરી છે તેનાથી એ સવાલ ઉઠી રહ્યાં છે કે શું શિવરાજથી નારાજ ચાલી રહેલ ઉમા ભારતી નવો મોરચો ખોલવાની તૈયારીમાં છે કે શું.

## પીએમ મોદીએ નેતન્યાહુને તેમની જીત પર અભિનંદન પાઠવ્યા

નવીદિલ્હી,તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેન્જામિન નેતન્યાહુને ઈઝરાયેલની સામાન્ય ચૂંટણીમાં જીત બદલ અભિનંદન પાઠવ્યા છે. નેતન્યાહુની આગેવાની હેઠળના જમણેરી જૂથે ૧૨૦ સભ્યોની સંસદમાં ૬૪ બેઠકો જીતીને બહુમતી મેળવી હતી. જ્યારે ઈઝરાયેલના વડાપ્રધાન જેયર લેપિડને આ ચૂંટણીઓમાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. નેતન્યાહુને તેમની જીત પર અભિનંદન આપતાં પીએમ મોદીએ કહ્યું કે તેઓ ભારત-ઈઝરાયેલ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટે સંયુક્ત પ્રયાસો ચાલુ રાખવા માટે આતુર છે.

વડાપ્રધાને ટ્વીટ કરીને લખ્યું, 'મારા પ્રિય મિત્ર નેતન્યાહુને ચૂંટણીમાં જીત પર અભિનંદન. હું ભારત-ઈઝરાયેલ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટેના અમારા સંયુક્ત પ્રયાસો ચાલુ રાખવા માટે આતુર છું.પીએમ મોદીએ ભારત-ઈઝરાયેલ વ્યૂહાત્મક ભાગીદારીને પ્રાથમિકતા આપવા બદલ લેપિડનો પણ આભાર માન્યો હતો. "હું અમારા લોકોના પરસ્પર લાભ માટે વિચારોના ફળદાયી આદાનપ્રદાનને ચાલુ રાખવા માટે આતુર છું," તેમણે કહ્યું.ઈઝરાયેલના વડાપ્રધાન જેયર લેપિડે ગુરુવારે ચૂંટણીમાં પોતાની હારનો સ્વીકાર કર્યો હતો અને વિપક્ષી નેતા બેન્જામિન નેતન્યાહુને ફોન પર અભિનંદન પાઠવ્યા હતા. લેપિડે નેતન્યાહુને કહ્યું કે તેમણે વડા પ્રધાન કાર્યાલયના તમામ વિભાગોને સત્તાના સુવ્યવસ્થિત સ્થાનાંતરણ માટે તૈયાર રહેવા સૂચના આપી છે. લેપિડે ટ્વીટ કર્યું, 'ઈઝરાયેલનો ખ્યાલ કોઈપણ રાજકીય વિચારથી ઉપર છે. હું નેતન્યાહુને ઇઝરાયેલ અને તેના લોકો માટે શુભેચ્છા પાઠવું છું.

ઈઝરાયેલના લોકોએ મંગળવારે દેશમાં રાજકીય મડાગાંઠને તોડવા માટે ચાર વર્ષમાં અભૂતપૂર્વ પાંચમી વખત મતદાન કર્યું. નેતન્યાહુ વર્ષોથી ઈઝરાયેલમાં રાજકીય રીતે અજેય લાગતા હતા, પરંતુ પક્ષોના અભૂતપૂર્વ ગઠબંધન દ્વારા તેમને સત્તામાંથી હાંકી કાઢવામાં આવ્યા પછી ૨૦૨૧ માં તેમને આંચકો લાગ્યો હતો. આ ગઠબંધનનો એકમાત્ર ધ્યેય તેમને સત્તા પરથી હટાવવાનો હતો.

## તંત્રી સ્થાનેથી...

# વાયુ પ્રદૂષણનો પ્રશ્ન



*ભારે શરમની વાત છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારોની કેટલીય તૈયારીઓ અને આશ્વાસનો બાદ પણ દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતનાં અનેક શહેરો ગંભીર પ્રકારના વાયુ પ્રદૂષણથી ઘેરાઈ ગયાં છે. વધતા પ્રદૂષણને કારણે દિલ્હીમાં નિર્માણ કાર્યો પર રોક લગાવી દેવામાં આવી છે અને હવે વર્ક ફ્રોમ હોમ લાગુ કરવાની વાત કરવામાં આવી રહી છે. જો પ્રદૂષણ રોકવા અને વિશેષ રૂપે પરાળ બાળવાથી રોકવાની સાથે જ સડકો પર ઉડતી ધૂળને નિયંત્રિત કરવાના ઠોસ ઉપાય કરવામાં આવ્યા હોત તો સ્થિતિ બીજી હોત, પરંતુ એવું કશું જ ન કરવામાં આવ્યું. ઉત્તર ભારતના વાયુમંડળમાં ઝેર ભળી રહ્યું છે, પરંતુ પંજાબમાં પરાળ બાળવામાં આવી રહ્યું છે. પંજાબ સરકારનું એ ખેડૂતો પર કશો અંકુશ નથી, જેઓ પરાળ બાળી રહ્યા છે. ઉલટું પંજાબ સરકાર એ અધિકારીઓ પર કાર્યવાહી કરી રહી છે, જેમને પરાળ બાળનારા ખેડૂતો વિરુદ્ધ કોઈ પગલાં ભરવાના અધિકાર પણ નથી. સ્પષ્ટ છે કે પંજાબ સરકાર ખેડૂતોની મનમાની આગળ લાચાર છે. તેને ઢાંકવા માટે તે કેન્દ્ર સરકારને દોષ દઈ રહી છે. જે આશા રખાતી હતી કે પંજાબમાં સત્તામાં આવ્યા બાદ આમ આદમી પાર્ટીની સરકાર દિલ્હીના પર્યાવરણની ચિંતા કરશે, તે હવે ધ્વસ્ત થઈ ચૂકી છે. એ માનવાનાં ઘણાં કારણો છે કે ખેડૂતો તેનો લાભ ઉઠાવી રહ્યા છે કે પંજાબ સરકારની જેમ અન્ય રાજ્ય સરકારો પરાળ બાળ્યા બાદ પણ રાજકીય કારણોસર તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવાનું સાહસ નથી કરી શકતી.*

*એ વિટંબણા જ છે કે આટલાં વર્ષો બાદ પણ ખેડૂતો એ સમજવા તૈયાર નથી કે પરાળ બાળીને તેઓ પર્યાવરણને નુક્સાન પહોંચાડવાની સાથે જ કઈ રીતે લોકોના સ્વાસ્થ્ય સાથે રમત કરી રહ્યા છે. એનાથી મોટી વિટંબણા એ છે કે રાજ્ય સરકારો પણ તેમને આ સાધારણ વાત સમજાવવામાં નિષ્ફળ રહી છે. હવે તો એવું લાગે છે કે સરકારો સમજાવવા તૈયાર નથી અને ખેડૂત હવે બધું જ જાણવા છતાં પણ સમજવા તૈયાર નથી. સરકારો એવા નિયમ કાયદા બનાવવા માટે પણ તૈયાર નથી દેખાતી, જેનાથી પરાળ બાળવાની સાથે જ અન્ય રીતોથી પર્યાવરણને દૂષિત કરનારાઓ વિરુદ્ધ કોઈ પ્રભાવી કાર્યવાહી કરી શકાય. પ્રદૂષણનો સામનો કરવા મામલે કેન્દ્ર સરકારની નિષ્ફળતા પણ ઓછી નથી. તેણે ભરોસો અપાવ્યો હતો કે આ વખતે ઉત્તર ભારતને ઘાતક પ્રદૂષણથી બચાવવામાં આવશે, તે ખોખલો સાબિત થયો. પરાળ પ્રબંધનના તેના ઉપાય નિરર્થક સાબિત થયા. એવું લાગે છે કે આપણા સત્તાધીશો એ જોવા તૈયાર નથી કે ગંભીર રૂપ લેતા પ્રદૂષણથી ફક્ત લાખો લોકોના સ્વાસ્થ્યને જ નુક્સાન નથી પહોંચતું, બલ્કે નિર્માણ કાર્યોને રોકવા અથવા ઔદ્યોગિક ગતિવિધિઓ પર પ્રતિબંધ લગાવવાથી બહુ વધારે આર્થિક નુક્સાન પણ ઉઠાવવું પડે છે.*

## બેતુલમાં ભયાનક માર્ગ અકસ્માત, બસ-કાર અથડામણમાં ૧૧ના મોત

ભોપાલ,તા.૪

મધ્યપ્રદેશના બેતુલના ઝાલ્લર પોલીસ સ્ટેશન પાસે એક મોટો રોડ અકસ્માત થયો છે. અહીં બસ અને કાર વચ્ચે અથડામણમાં ૧૧ લોકોના મોત થયા છે. તે જ સમયે, એક ઈજાગ્રસ્ત વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.મધ્યપ્રદેશના બેતુલના ઝાલર પોલીસ સ્ટેશન પાસે એક મોટો રોડ અકસ્માત થયો છે. અહીં બસ અને કાર વચ્ચે અથડામણમાં ૧૧ લોકોના મોત થયા છે. તે જ સમયે, એક ઈજાગ્રસ્ત વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. બેતુલના એસપી સિમલા પ્રસાદે આ અકસ્માતની માહિતી આપી છે. ઘટનાની જાણ થતા ઝાલર પોલીસ સ્ટેશનની પોલીસ ઘટના સ્થળે પહોંચી બંને વાહનોનો કબજો મેળવ્યો હતો. પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે.દુર્ઘટના વિશે માહિતી આપતા બેતુલના એસપી સિમલા પ્રસાદે જણાવ્યું કે, ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને રાહત કાર્ય શરૂ કર્યું. તેમણે કહ્યું કે, આ અકસ્માતમાં ૧૧ લોકોના મોત થયા છે. તે જ સમયે, એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો છે, જેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.એસપીએ કહ્યું કે, મૃતદેહોની ઓળખ કરવામાં આવી રહી છે અને ત્યારબાદ પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. તે જ સમયે આ દુર્ઘટનાની તસવીર જાહેર કરી છે, જેમાં જોઈ શકાય છે કે બસ સાથે અથડાયા બાદ કાર કેવી રીતે કોકડું વળી ગઈ છે. તસવીર જોઈને એવું માનવામાં આવે છે કે કારમાં સવાર મોટાભાગના મુસાફરોના મોત થયા છે.

છીણી છે
ઘરનો ઉંબરો ઓળંગો,
એટલે મુશ્કેલી ઘણી છે.
એકનું ધણીપણું શું હટે,
એટલે અનેક ધણી છે.
સુખ સમૃદ્ધિ છોડી છે,
એટલે મુશ્કેલી ચણી છે
ગોળની ભેલી સમજે છે,
એટલે માખ બણબણી છે!!
આમ એવું કેમ કહી શકાય ?
એટલે દુખને ઘણી ટણી છે!!
લો,જીવનનું ઝાડ કપાતું નથી,
એટલે એ હથોડી-છીણી છે.
ભરત વૈષ્ણવ
૦૪.૧૧.૨૦૨૨..# કવિતા

# માઇકની અવદશા જોઇને અમે કોઇના પણ માઇક ન બનવાનો નિર્ણય કર્યો!!

અમે એટલે હું અને રાજુ રદ્દી બખડજંતર ચેનલમાં કામ કરીએ છીએ. રાજુ રદ્દી કેમેરામેન કમ ડ્રાઈવર કમ કુલી કમ વેઈટર કમ. યાદી લાંબી છે.અમારી ચેનલ લોકપ્રિયતાના મામલે બ્રહ્માંડમાં નંબર વન (- માઈનસ નંબર વન છે!! ચેનલના માલિકનો પરિવાર બખડજંતર જોવાના બદલે નેશન વોન્ટસ ટુ ના બરાડા પાડતા અર્નબ ગોસ્વામીની ચેનલ જુએ છે!!) છે. ચેનલમાંથી હુકમ છૂટ્યો કે ઉતરપ્રદેશ જઈ આવો અને સ્ટોરી શુટ કરી આવો. અમારી ચેનલમાં બોસને બાદ કરતાં હું અને રાજુ સ્ટાફમાં છીએ.

અમે લાંબી મુસાફરી કરી પ્રયાગરાજ જનપદના કોઈ બ્લોકમાં આવેલા ગોડાઉન પાસે ગાડી સ્ટોપ કરી. આજુબાજુ નજર કરી . ચાની કિટલી શોધી. ચાના કિટલી , ગામ ચાવડી, પાનના ગલ્લા, બગીચાના બાંકડા એ ઈન્ટેલિજન્સ ઈનપુટ મેળવવાના આધારભૂત સ્ત્રોત છે. જયારથી માહિતી મેળવવા સિક્રેટ ફંડની ગ્રાંટમાંથી ફદિયું ખર્ચ્યા સિવાય જોરદાર માહિતી મળે છે.! અમે આવી એક કિટલી પરના મુંઢા પર બેસીને સ્પેશિયલ જાય મલાઈ મારકે મંગાવી. અમને ખુફિયા માહિતી મળી કે બધા ગોડાઉનમાં એકત્રિત થયા છે. અમને માનો કે લોટરી લાગી !!ગોડાઉનનો દરવાજો ખોલતાં હોરર ફિલ્મની જે કિચૂડ કિચૂડનો અવાજ આવ્યો. એક પરિન્દુ પર મારીને બહાર ઉડી ગયું. એની માને હૃદય ધબકારો ચૂકી ગયું . રાજુ રદ્દી કેમેરા સાથે ગબડી પડ્યો. ડોલ્બી સાઉન્ડ જેમ હાઈ ડેફનેશન ફ્રિકવન્સીમાં સવાલ ફેંકાયો " કૌન હૈ?" સવાલ પણ તેની ઈકો અસર અનેક! ઝાંખું ઝાંખું અજવાળું હતું નળિયાંના કાણામાંથી સૂરજનું ચાંદરણું પડે તેનું લાગે!!

અમે જોઈને સ્તબ્ધ થઈ ગયા. કેટલી મોટી ઉઠકબેઠક. ગઈ કાલ સુધી ગગનને ચુમનાર આજે મિટીનેચુમી રહ્યા હતા. ગઈકાલ સુધી ગગન ગજાવનાર આજે કણસવા માટે પણ મોહતાજ હતા!!

લીલા માઈક, ભગવા માઈક, ભૂરા માઈક, માફિયા માઈક, સ્ટિરિયો માઈક, ડોલ્બી માઈક ભેદભાવ વિના હમ સાથ સાથ હૈની જેમ સાથે હતા.

મેં લીલા માઈક તરફ માઈક ધરીને પૂછયું,

" કેવું લાગે છે?"

શું કેવું લાગે ? ધૂળ અને ઢેફા-ઢેખાળા લાગે" તેણે ઉગ્રતાથી જવાબ આપ્યો.

"કંઈ તો કહો" અમે વિનંતી કરી.

" કોઈકના એચએમવી ( હિઝ માસ્ટર્સ વોઈસ)ના લીધે અમારી માઠી બેઠી!!" એણે ભગવા માઈક તરફ કૌશિક મુનિની જેમ કાતિલ નજરે જોયું.

"તું તો બોલતો જ નહીં" ભગવા માઈકે લાંબો હાથ કરીને કહ્યું, " તારા પાપે બધાને ઘરભેગા થવું પડ્યું.સવારનાં પાંચ વાગ્યે લોકોની મીઠી ઉંઘ બગાડતો હતો, રાત્રે વેળા ક્વેળા લોકોને ઉંઘવા ન દે. વૃધ્ધો, પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે. આગઝરતા ભાષણો કરે. લોક કયાં સુધી સહન કરે?તારા પર તો બુલડોઝર ચલાવવું પડશે!!તમે અહીંનું ખાઈને અહીં ખોદો છો!!"

અમે લીલા માઈકને કહ્યું,તમે બોલવા માટે મંજૂરી લીધી હતી? મંજૂરી કેટલા ડેસિબલની હતી?"

"નિયમ મુજબ પાંચ ડેસિબલ.પાંચ ડેસિબલી ચકલીની ચીંચી કે કોયલની કૂકૂ નો વધુ અવાજ હોય. અમારો અવાજ દબાવી દેવાની તમારી સિયાસી ચાલ છે. ભગવા માઈક શ્રાવણ માસમાં સવારના ચાર વાગ્યાથી પ્રદીપના ભજન દેખ તેરે સંસારકી હાલત કયાં હો ગઈ ભગવાન કે પીંજડેકે પંછી વગાડીને બધાની ઉંઘની વાટ લગાડો છો એનું શું? સવારે આરતીમાં ગણીને બે જણ હોય તો પણ માલિકને સંભળાય એટલા મોટા વોલ્યુમથી આરતી કરો છો? લગ્નમાં ડીજે વગાડો છો ત્યારે નોઈઝ પોલ્યુશનની ચિંતા કરો છો? અમારો અવાજ દાબી નહીં શકો !!!" લીલા માઈકે આગઝરતા અવાજે કહ્યું.

એવામાં ભૂરા માઈકે બરાડીન કહ્યું ," તમે બધા મનુવાદી માઈક છો. અમે હાઈ વોલ્યુમ રાખીએ છીએ છતાં અમારી તિતૂડી તમે સાંભળતા નથી. લીલા અને ભગવા માઈક અમારા તરફ સૂગ રાખે છે. અમારા યુવાનો લગ્નમાં વરઘોડો કાઢે તો તમે તેને ગધાડે બેસાડી ફેરવો છો. બંધારણ મુજબ હક્ક આપતા નથી. જય ભીમ!!" કહીને અલગ ખૂણામાં જઈ બેસી ગયો!!એવામાં ફેરિયા વગાડે તેવા હેન્ડ માઈકે અમોલ પાલેકર જેવા અવાજે કહ્યું," અમે મધ્યમ વર્ગના છીએ. બેરોજગાર,ગરીબી, ભાવવધારા ચક્કરમાં શેરડીની જેમ પિલાઈએ છીએ . અમે કુપોષિત છીએ . અમે દુર્બળ છીએ. અમારો તો અવાજ નીકળતો નથી તો અમને કેમ ઉતારી લીધા? આ તો પાપડી સાથે ઈયળ બાફી નાંખી, સૂકા જોડે લીલું બળી ગયું. અમે સાયલન્ટ મોડ પર છીએ!! અમને રિસ્ટોર કરવા માંગો છો કે કેમ?"

માઈકની અવદશા જોઈને અમે કોઈના પણ માઈક ન બનવાનો નિર્ણય કર્યો!!

ભરત વૈષ્ણવ
૦૪.૧૧.૨૦૨૨.

# મહારાષ્ટ્રમાં શિંદે-ફડણવીસની સરકાર તુટી પડશેઃ એનસીપીના પ્રદેશ પ્રમુખની ભવિષ્યવાણી

**અજિત પવારે પણ કહ્યું કે શિંદે-ફડણવીસની સરકાર ત્યાં સુધી ટકશે જ્યાં સુધી તેમની પાસે ૧૪૫નો આંકડો હશે.**

મુંબઈ,તા.૪

મહારાષ્ટ્રમાં શિંદે-ફડણવીસ સરકાર ટકશે નહીં, પડી જશે. ઘણા લોકો આ વાત કહી રહ્યા છે. પરંતુ મહારાષ્ટ્રની શિંદે-ફડણવીસ સરકાર ક્યારે પડી જશે તે તારીખ કોઈ નથી કહેતું ? શરદ પવારની પાર્ટી એનસીપીના પ્રદેશ અધ્યક્ષ જયંત પાટીલે પહેલીવાર શિંદે-ફડણવીસ સરકારના પતનની તારીખ જણાવી છે. જયંત પાટીલે કહ્યું કે શિરડીમાં ચાલી રહેલા એનસીપીના આ બે દિવસના સત્ર પછી શિંદે-ફડણવીસ સરકાર પડી જશે. રાષ્ટ્રવાદી કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષે પણ આનું કારણ આપ્યું છે.



જયંત પાટીલે કહ્યું કે જ્યારે શિરડીમાં કોંગ્રેસનું અધિવેશન થયું ત્યારે મહાવિકાસ અઘાડીની સરકાર પડી ગઈ હતી, હવે એનસીપીનું સત્ર ચાલી રહ્યું છે તો શિંદે-ફડણવીસ સરકાર પડી જશે. જ્યારે પણ કોઈપણ પક્ષનું સંમેલન હોય ત્યારે તે સમયની સરકાર પડી જાય છે.

જયંત પાટીલના અવાજનો પડઘો પાડતા, વિધાનસભામાં વિપક્ષના નેતા અજિત પવારે પણ કહ્યું કે શિંદે-ફડણવીસની સરકાર ત્યાં સુધી ટકશે જ્યાં સુધી તેમની પાસે ૧૪૫નો આંકડો હશે. આ આંકડો જતાં જ શિંદે ફડણવીસ સરકાર પડી જશે. વાસ્તવમાં, અજિત પવાર શિંદે ફડણવીસ સરકારના પતનના બે સંકેતો તરફ ઈશારો કરી રહ્યા હતા. શિંદે ફડણવીસ સરકારના પતનનાં બે સંકેતો છે. એક સંકેત એ છે કે શિવસેનાના ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટેની ઠાકરે જૂથની અરજીની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટમાં થવાની છે. જો સુપ્રીમ કોર્ટે ૧૬ ધારાસભ્યોનું (એકનાથ શિંદે સહિત) ધારાસભ્યપદ રદ કરી દે તો શિંદે ફડણવીસ સરકાર લઘુમતીમાં આવી જશે અને પડી જશે. બીજો સંકેત એ છે કે મંત્રીમંડળના વિસ્તરણમાં વિલંબ થઈ રહ્યો છે કારણ કે શિંદેની મજબુરી એ છે કે કોને મંત્રી બનાવવા અને કોને નહીં.

તમામ ધારાસભ્યોને એકસાથે રાખવા માટે દરેકને મંત્રીપદની લોલીપોપ આપવામાં આવી હતી. ગઈકાલે જ, પ્રહાર જનશક્તિ પાર્ટીના નેતા, બચ્ચુ કડુએ આપેલા તેમના ઈન્ટરવ્યુમાં ફરીથી કહ્યું કે તેમને વચન આપવામાં આવ્યું હતું કે તેમને મંત્રી બનાવવામાં આવશે. તેઓ મહા વિકાસ આઘાડી સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી હતા પરંતુ આજ સુધી તેમને મંત્રી બનાવવામાં આવ્યા નથી. એકનાથ શિંદેને સમર્થન આપતા ૫૦ ધારાસભ્યોમાંથી ૪૦ ઠાકરે જૂથના છે અને ૧૦ અપક્ષ છે. જ્યારે કેબિનેટનું વિસ્તરણ થશે અને જેમને મંત્રીપદ નહીં મળે, તેમનો અસંતોષ ભડકશે અને તેઓ ફરીથી ઠાકરે જૂથમાં પાછા ફરવા માટે ઝઝૂમશે.

ગઈકાલે જ, ઠાકરે જૂથના નેતા સુષ્મા અંધારેએ દાવો કર્યો હતો કે શિંદે જૂથના ધારાસભ્ય સાંડે શિરસાટ સહિત કેટલાક ધારાસભ્યો ફરીથી ઠાકરે જૂથ સાથે સંપર્ક વધારી રહ્યા છે અને પાછા ફરવા માંગે છે. તેમણે એ પણ પુનરોચ્ચાર કર્યો કે માતોશ્રીના દરવાજા હજુ પણ બંધ થયા નથી. દરવાજા ખુલ્લા છે અને ખુલ્લા જ રહેશે. વાસ્તવમાં આ વાતની શરૂઆત ભાજપના સાંસદ સુજય વિખે પાટીલના નિવેદનથી થઈ હતી. જેમાં તેમણે કહ્યું હતું કે જયારે શિરડીમાં કોંગ્રેસનું અધિવેશન હતું ત્યારે શિવસેના તૂટી ગઈ હતી. હવે એનસીપીનું બે દિવસીય સત્ર શરૂ થયું છે. એનસીપીની આ બે દિવસીય મંથન શિબિર બાદ દ્રઝઁ તૂટી જશે. એનસીપીના ઘણા નેતાઓ શિંદે જૂથના સંપર્કમાં છે.

તેના જવાબમાં જયંત પાટીલે કહ્યું કે એ વાત સાચી છે કે કોંગ્રેસના અધિવેશન પછી શિવસેનામાં ભાગલા પડ્યા અને તત્કાલીન સરકાર પડી. એટલે કે શિરડીમાં કોઈપણ પક્ષનું સંમેલન હોય તો તે સમયની સરકાર પડી જાય છે.

આ સમયે દ્રઝઁનું સત્ર શરૂ થઈ રહ્યું છે. સરકાર શિંદે-ફડણવીસની છે. તેથી આગામી બે દિવસમાં શિંદે-ફડણવીસ સરકાર પડી જશે. એનસીપીમાં ભાગલાને કોઈ અવકાશ નથી. હાલમાં એનસીપી રાજ્યની સૌથી સક્ષમ અને મજબૂત પાર્ટી છે.

# કેજરીવાલના રોડ શો માં મુર્દાબાદના સૂત્રોચ્ચાર બાદ મારામારી

શિમલા,તા.૪

હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં તમામ પક્ષોએ તાકાત લગાવી દીધી છે. આ એપિસોડમાં આમ આદમી પાર્ટીના કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સોલન પહોંચ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ દરમિયાન કેજરીવાલની રેલીમાં હંગામો થયો અને લાતો અને મુક્કા ચાલવા લાગ્યા, સ્થિતિ એવી બની કે અરવિંદ કેજરીવાલે પોતાનું ભાષણ અધવચ્ચે જ છોડીને પરત ફરવું પડ્યું. જણાવી દઈએ કે કેજરીવાલ પોતાની પાર્ટીના ઉમેદવાર અંજુ રાઠોડ માટે વોટ માંગવા સોલન પહોંચ્યા હતા.

હકીકતમાં ગુરુવારે સીએમ અરવિંદ કેજરીવાલે સોલનમાં રોડ-શો કર્યો હતો. આ દરમિયાન તેમણે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે આ બંને પક્ષોએ હિમાચલને વારાફરતી લૂંટવામાં કોઈ કસર છોડી નથી.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અરવિંદ કેજરીવાલ પોતાનું ભાષણ આપી રહ્યા હતા ત્યારે કેટલાક લોકો તેમની સામે મુર્દાબાદના નારા લગાવવા લાગ્યા હતા. આ જોઈને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ગુસ્સે થઈ ગયા અને વિવાદ શરૂ થયો. આ દરમિયાન બંને તરફથી ઘણી લાતો અને મુક્કાબાજી થઈ હતી. પરિસ્થિતિને જોતા સીએમ અરવિંદ કેજરીવાલ ભાષણ અધૂરું છોડીને ચાલ્યા ગયા.સોલન રોડ શો દરમિયાન અરવિંદ કેજરીવાલે કહ્યું કે ભાજપ અને કોંગ્રેસની સરકારોએ હિમાચલ પ્રદેશમાં ખુલ્લેઆમ લૂંટ ચલાવી. પોતાની સિદ્ધિઓ ગણાવતા તેમણે કહ્યું કે આ વખતે આમ આદમી પાર્ટીને તક આપો. તેમણે કહ્યું કે પહેલા લોકો પાસે ભાજપ અને કોંગ્રેસ સિવાય કોઈ વિકલ્પ નહોતો પરંતુ હવે તેમની પાસે છે.

તેમણે કહ્યું કે આ વખતે જનતા આમ આદમી પાર્ટીને રાજ્યના હિતમાં પ્રામાણિક વિકલ્પ તરીકે પસંદ કરશે.સીએમ કેજરીવાલે કહ્યું કે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સમજૂતી છે, તેથી હિમાચલ પછાત રહ્યું. જો તેઓ ફરી આવશે, તો હિમાચલ ક્યારેય આગળ વધી શકશે નહીં. જો કે, આ દરમિયાન પ્રદર્શનકારીઓએ કેજરીવાલ મુર્દાબાદના નારા લગાવ્યા અને ઉગ્ર વિરોધ કર્યો, ત્યારબાદ સ્થિતિ વધુ વણસી. આ દરમિયાન પ્રદર્શનકારીઓ અને છછઁ કાર્યકર્તાઓ વચ્ચે ઘણી લાતો અને મુક્કાબાજી થઈ હતી.

# કાશ્મીરમાં ફરી બિન કાશ્મીરીઓને બનાવાયા નિશાન, બે વ્યક્તિઓ ઉપર ગોળીઓ ચલાવાઈ

શ્રીનગર,તા.૪

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓએ ફરી એકવાર બિન-કાશ્મીરીઓને નિશાન બનાવ્યા છે. એક બિહારના અને એક નેપાળના વ્યક્તિને ગોળી વાગી છે. બંને અનંતનાગ જિલ્લાના બોંદિયાલગામની એક ખાનગી શાળામાં નોકરી કરતા હતા. કાશ્મીર ઝોન પોલીસે કહ્યું છે કે ઈજાગ્રસ્ત બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આતંકવાદીઓએ નજીકથી ગોળીબાર કર્યો હતો. દરમિયાન, હુમલાખોરોને પકડવા માટે સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે. ઈજાગ્રસ્તોમાં એક શાળાનો પટાવાળો છે.

એડીજીપી કાશ્મીરે કહ્યું કે આ આતંકવાદનું કાયર અને અમાનવીય કૃત્ય છે. આતંકવાદીઓએ તેને કામ માટે બહાર આવવા કહ્યું હતું. જેવા બંને બહાર આવ્યા, આતંકવાદીઓએ તેમના પર પિસ્તોલથી ફાયરિંગ કર્યું. અમે ટોચની પ્રાથમિકતા પર તપાસ કરી રહ્યા છીએ. ગુનેગારને જલદી જ પકડી લેવાશે.

અગાઉ, ૩ નવેમ્બરના રોજ, ભારતીય સેનાએ જમ્મુ અને કાશ્મીરના પૂંચ જિલ્લામાં નિયંત્રણ રેખા (એલઓસી) પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો અને ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. સૈનિકોએ એક આતંકવાદીનો મૃતદેહ મેળવ્યો હતો જયારે બે આતંકવાદીઓના મૃતદેહ એલઓસીને પેલે પાર પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) માં પડ્યા હતા. આ બન્ને આતંકવાદીઓના મૃતદેહોને પીઓકેના ગ્રામજનો લઈ ગયા હતા.

સૈન્ય પ્રવક્તાએ કહ્યું કે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ સેનાના સતર્ક ટુકડીઓએ પૂંચ સેક્ટરમાં નિયંત્રણ રેખા પર કેટલાક લોકોની શંકાસ્પદ હિલચાલ જોયા. તેઓ નિયંત્રણ રેખા પાર કરીને ભારતીય બાજુમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

પ્રવક્તાના જણાવ્યા અનુસાર સૈનિકોએ ઘૂસણખોરોને પડકાર ફેંક્યો જેમણે સૈનિકો પર ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ થયેલા એન્કાઉન્ટરમાં એક આતંકી માર્યો ગયો હતો. તેમણે કહ્યું કે એક આતંકવાદીનો મૃતદેહ મળી આવ્યો છે. સ્થળ પરથી બે એકે-૪૭ રાઈફલ, એક પિસ્તોલ અને અન્ય શસ્ત્રો પણ મળી આવ્યા હતા.

જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કહ્યું છે કે આતંકવાદ અહીં તેના છેલ્લા શ્વાસ ગણી રહ્યો છે.

તેમણે તમામ હિતધારકોને કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્થાયી શાંતિ અને સામાન્ય સ્થિતિ લાવવા માટે તેમની ભૂમિકા ભજવવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે પોલીસ અને સુરક્ષા દળો એકલા સ્થાયી શાંતિ લાવી શકતા નથી. ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને વહીવટીતંત્રના અન્ય વિભાગો પણ આમાં મોટી ભૂમિકા ભજવી શકે છે. ઉપરાજ્યપાલનું આ નિવેદન કેન્દ્રશાસિત પ્રદેશમાં કાશ્મીરી પંડિતોની હત્યાની ઘટનાઓ પર રાજકીય પક્ષોની ટીકાના જવાબમાં આવ્યું છે.

### ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પાક-ચીનને ફટકાર લગાવી

# આતંકવાદી દળોને નાણાકીય સંસાધનોની પહોંચ અટકાવવા માટે હાથ મિલાવવું જોઈએ

નવીદિલ્હી,તા.૪

આંતરરાષ્ટ્રીય મંચ પર આતંકવાદ મુદ્દે ભારતે ફરી એકવાર પાકિસ્તાન અને ચીન પર આકરા પ્રહારો કર્યા છે.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતીય સચિવ વિનય કવાત્રાએ પાકિસ્તાન અને ચીન તરફ ઈશારો કરતા કહ્યું કે આપણે આતંકવાદને રોકવા માટે વૈશ્વિક સ્તરે કામ કરવું જોઈએ. તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને વિનંતી કરી કે જેઓ આતંકવાદીઓને સુરક્ષિત આશ્રય આપે છે તેમને બોલાવે અને યુએનએસસીના પ્રતિબંધો પર તેમના બચાવમાં આવે. ઘાનાની અધ્યક્ષતામાં ૧૫ સભ્યોની સુરક્ષા પરિષદની ખુલ્લી ચર્ચામાં ભાગ લેતા વિદેશ સચિવ વિનય કવાત્રાએ આ વાત કહી. મીટિંગની થીમ શાંતિ જાળવણી અને કાયમી શાંતિ હતી.

કવાત્રાએ કહ્યું કે, આતંકવાદ દ્વારા ઉભા થયેલા ખતરા સામે આંતરરાષ્ટ્રીય સમુદાય તરફથી એકજૂટ અવાજ ઉઠાવવાની જરૂર છે. આપણે યજમાન દેશના સુરક્ષા દળોની ક્ષમતાઓને મજબૂત કરવી જોઈએ, આતંકવાદી દળોને નાણાકીય સંસાધનોની પહોંચ અટકાવવા માટે હાથ મિલાવવું જોઈએ અને આતંકવાદીઓને સુરક્ષિત આશ્રયસ્થાનો પ્રદાન કરનારાઓને તેમજ તેમની સાથે રહેલા લોકોને સામૂહિક રીતે બોલાવવા જોઈએ. ઊભા થઈને તેમના બચાવમાં આવવું જોઈએ.

ભારતના વિદેશ સચિવ વિનય કાવત્રાએ યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ સહિત યુએનના ટોચના નેતાઓ સાથે મુલાકાત કરી અને મુશ્કેલીજનક મુદ્દાઓ પર ચર્ચા કરી. કવાત્રા સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૭મા સત્રના પ્રમુખ સબા કોરોસીને પણ મળ્યા હતા અને તેઓએ સત્ર માટે પીજીએની પ્રાથમિકતાઓ અને તેમાં ભારતની ભાગીદારી અંગે ચર્ચા કરી હતી. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનએ ગુરુવારે ટ્વિટ કર્યું, વિદેશ સચિવ વિનય કાવત્રાએ મુશ્કેલીમાં મૂકાયેલા મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે યુએનના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ સાથે મુલાકાત કરી.

કવાત્રાએ આ દરમિયાન શાંતિ અભિયાનની પણ વાત કરી હતી.

તેમણે કહ્યું કે લગભગ ૫૮૦૦ ભારતીય કર્મચારીઓ શાંતિની સુરક્ષા માટે વિશ્વભરમાં વિવિધ કામગીરીમાં કામ કરી રહ્યા છે. તે બધા સંયુક્ત રાષ્ટ્રના ૧૨માંથી ૯ સક્રિય પીસકીપિંગ મિશનમાં કામ કરી રહ્યા છે.

તે જ સમયે, યુએનએસસીની બેઠક દરમિયાન, ભારતે મુંબઈ પર આતંકવાદી હુમલાને લઈને પાકિસ્તાનની પોલ ખુલ્લી પાડી હતી. તે દરમિયાન ભારત દ્વારા આંતરરાષ્ટ્રીય સમુદાયની સામે એક ઓડિયો ક્લિપ ચલાવવામાં આવી હતી, જેમાં પાકિસ્તાનમાં બેઠેલો એક આતંકવાદી હુમલામાં સામેલ આતંકવાદીઓ સાથે વાત કરી રહ્યો હતો અને તેમને સૂચનાઓ આપી રહ્યો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



N.O.G.SS.NO. 0026
વિષય -પાનખરે ખરતાં પાંદડાં, ફૂલો.
વિભાગ - પદ્ય ( અછાંદસ)
શીર્ષક -સનાતન સત્ય છે.
પર્ણો ખરતાં પાનખરમાં જોઈને અચરજ નાં થતું.
ડાળ ઉપર ફૂલ કરમાયલ જોઈને  અચરજ નાં થતું!
વૃક્ષનાં હો મૂળ ઊંડાં,કોળશે ફૂંણી કુંપળ,
ક્યાં પછીથી જિંદગીને ખોઈ? અચરજ નાં થતું!
કોમળ કળી જો કોઈ ચૂંટે તો મન ઘણું મૂંઝાય છે,
રાતરાણી રડતી રાત્રે, રોઈને અચરજ નાં થતું!
પાનખર જાતાં વસંતી આવશે ઋતુઓ ઘણી,
કુદરતી ઘટમાળ પ્રોઈ, જોઈને અચરજ નાં થતું!
એક ખરશે પાન તો કુંપળ બીજી ઉગતી સદા,
કાળની બસ?એજ લીલા હોઈને, અચરજ નાં થતું!
આવવું, રહેવું ને જાવું,એ સનાતન સત્ય છે,
ઉગીને આથમતો સૂરજ નિયતિ ઘડાઈને અચરજ નાં થતું!
અંજના ગાંધી 'મૌનુ'
વડોદરા

---

NOG SS No : 0092
પ્રકાર :- પદ્ય
વિષય :- પાનખરે ખરતાં પુષ્પો અને પર્ણો
શિર્ષક :- પાનખરનો સ્પર્શ, નવી વસંત ભણી
વસંતનો વૈભવ માણીને પાનખરે ખરવું,
એ તો સાચેજ એક વિલાસ છે.
વસંત જ્યારે હોય ત્યારે,
ચારેતરફ બસ ઉમંગ અને ઉલ્લાસ છે.
રંગોભર્યું પ્રભાત ને પુષ્પોની સુવાસ હોય,
પતંગિયા ને ભ્રમરની ટહેલથી મધુરતાનો વાસ હોય.
કળીમાંથી પુષ્પ બનેલ નવરૂપને મ્હેકવાની આશ હોય.
વસંતમાં જ પૂર્ણ વિકસિતતાનો ઉરે નિવાસ હોય.
વસંત પછી પાનખરના પગરણ છે નક્કી,
વિકસ્યા પછી વિલીન થવું પણ છે નક્કી.
જે ડાળી પર જીવન પામ્યું પુષ્પ એનો વિયોગ છે નક્કી,
વસંત ' દાતા ' છે તો પાનખર છે છીનવનાર ને જક્કી.
જાણે છે પુષ્પ કે વિસામો ડાળીનો ક્ષણભર છે,
પરપોટા સમી પોતાની જિંદગી ક્ષણભંગુર છે.
માયા ડાળીથી એ સતત કરતું રહે છે,
શોભા બની ડાળીની, એની સલામતીની ચિંતા કરતું રહે છે.
આપે છે એક સંદેશ કે કશુંય કાયમી નથી અહીં,
જે મેળવીશું તે ક્ષણભર માણી, છોડવું જ પડશે અહીં.
પણ મન બાવરું ક્યાં કોઈનું કહ્યું કરે છે?
માયા ને મમતાના વમળમાં નિત ફસાતું રહે છે.
ક્ષણિક દુઃખ થાય છે ખરતાં પુષ્પોને જોઈને,
અસબાબ વાટિકાનો છે અધુરો, એમને ખોઈને.
સત્ય એ પણ છે કે ખાલી જગા થશે તો જ બીજુ ત્યાં ખીલશે,
એક આંખે અશ્રુ ને બીજીમાં હાસ્યને ઝીલશે.
પાનખરે ખરતાં પુષ્પો થોડા સમયમાં ભુલાઈ જાશે,
નવા પુષ્પો અને પર્ણોથી વાટિકા ફરી લહેરાશે.
પાનખરે ખરી પડવું એ તો સાચેજ આશીર્વાદ છે,
વસંતે અકાળે ખરતાં પુષ્પો જ અસ્તિત્વને પીડતી યાદ છે.
પ્રકૃતિમાંથી જન્મેલ પુષ્પ, વિલીન થાય છે પ્રકૃતિમાં,
રૂપ ને સુગંધની વિશેષતાથી વર્તાય છે એ પ્રભુની કૃતિમાં.
ઋતુઓની આવન -જાવન મ્હોરતી ને કરમાવતી રહે છે,
ઈશ્વરની આ લીલા બસ આમજ ચાલતી રહે છે.
# અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર
૦૪ /૧૧ /૨૨.

## વિક્લી માર્કેટ રિપોર્ટ
# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો

**કોટનનો વાયદો ગાંસડીદીઠ રૂ.૧,૪૬૦ વધ્યોઃ મેન્થા તેલમાં નરમાઈઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૫૫૬૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૪૧૩૬૨ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૪૭૩ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૮ ઓક્ટોબરથી ૩ નવેમ્બરના સપ્તાહ દરમિયાન ૩,૩૭૪,૭૪૧ સોદાઓમાં કુલ રૂ.૨૬૭,૩૯૯.૫૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૨૫૫૬૪.૯૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૪૧૩૬૧.૬૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૧,૨૧૮,૭૪૫ સોદાઓમાં કુલ રૂ.૬૪,૧૪૯.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૦,૭૬૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૦,૮૩૩ અને નીચામાં રૂ.૫૦,૦૦૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૫૩ ઘટી રૂ.૫૦,૧૮૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૫૭ ઘટી રૂ.૪૦,૧૮૨ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૬ ઘટી રૂ.૪,૯૯૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૪૫૮ના ભાવે ખૂલી, રૂ.૫૭૪ ઘટી રૂ.૪૯,૮૭૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૮,૩૮૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૯,૫૮૯ અને નીચામાં રૂ.૫૭,૦૪૯ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૮ વધી રૂ.૫૮,૩૨૬ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૮૭ વધી રૂ.૫૮,૭૩૭ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬૩ વધી રૂ.૫૮,૭૬૫ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧૨૬,૧૮૦ સોદાઓમાં રૂ.૧૮,૬૮૮.૫૭ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૩૫ ઘટી રૂ.૨૦૦.૮૫ અને જસત નવેમ્બર વાયદો રૂ.૧૬.૯૫ ઘટી રૂ.૨૫૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૧.૧૫ ઘટી રૂ.૬૫૩ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ વધી રૂ.૧૮૦ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૫૫૧,૬૨૦ સોદાઓમાં કુલ રૂ.૪૨,૩૨૪.૬૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૭,૨૬૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૪૭૬ અને નીચામાં રૂ.૭,૦૮૪ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૨૧ ઘટી રૂ.૭,૩૪૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭.૬૦ વધી રૂ.૫૦૨.૨૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૪,૩૯૦ સોદાઓમાં રૂ.૪૦૨.૬૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૨૯,૫૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૧,૨૮૦ અને નીચામાં રૂ.૨૮,૫૦૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૪૬૦ વધી રૂ.૩૦,૯૯૦ના સ્તરે પહોંચ્યો હતો.

મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૮૦ ઘટી રૂ.૯૮૨.૧૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૪,૬૦૯.૮૫ કરોડનાં ૪૮,૮૧૫.૩૮૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૯,૫૩૯.૩૨ કરોડનાં ૬,૭૫૯.૯૪૬ ટનના વેપાર થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૩,૩૭૦.૭૦ કરોડનાં ૧૮,૩૪૯,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૮,૯૫૪ કરોડનાં ૫ ૭ ૬ ૨ ૧ ૫ ૦ ૦ ૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૩૭૭.૮૮ કરોડનાં ૧૨૬૮૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૪.૭૨ કરોડનાં ૨૫૦.૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૫૪૦.૭૪૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૩૯.૩૯૪ ટન, ક્રૂડ તેલમાં ૫૦૪૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૭૭૪૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૬૫૯૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૯૫.૭૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૪૭૨.૯૪ કરોડનાં ૬,૭૬૫ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૪,૦૭૦ના સ્તરે ખૂલી, ૧૦૮ પોઈન્ટ ઘટી ૧૩,૯૪૦ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૪૧,૩૬૧.૬૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૪૨૨.૭૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૨૩૩.૬૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦૪,૪૯૧.૪૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૭,૨૦૯.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

## પરપુરુષ સાથે સંબંધ હોય તો છૂટાછેડા બાદ મહિલા ભરણપોષણ માટે હકદાર નહીંઃ પંજાબ હાઈકોર્ટ

ચંડીગઢ,તા.૪

તલાક પહેલા જો કોઈ મહિલાના અન્ય પુરુષ સાથે સંબંધ સાબિત થઈ જાય તો તે મહિલા તલાક બાદ ભરણપોષણની રકમ માટે હકદાર હોતી નથી. પંજાબ હાઈકોર્ટે એક મામલાની સુનાવણી દરમિયાન આ નિર્ણય કર્યો છે. પંજાબ હાઈકોર્ટે જણાવ્યું છે કે, મહિલાના અન્ય પુરુષ સાથે સંબંધ હોવાને કારણે તલાક લેવાનું હોય અને મહિલાના અન્ય પુરુષ સાથે સંબંધ છે તે તેવું સાબિત થઈ જાય તો આ પ્રકારના મામલાઓમાં મહિલાને ભરણપોષણની રકમ આપી શકાય નહીં.

જસ્ટિસ રિતુ બાહરી અને જસ્ટિસ નિધિ ગુપ્તાની ખંડપીઠે આ પ્રકારના એક મામલામાં મહિલાની અરજીને નકારી દીધી છે. મહિલાએ અરજીમાં જણાવ્યું હતું કે, તલાક બાદ ભરણપોષણની રકમ આપવામાં આવે. હાઈકોર્ટની ખંડપીઠે જણાવ્યું છે કે, જો પતિએ તેની પત્ની પર અત્યાચાર કર્યો હોય અને ત્યારબાદ તલાક થઈ જાય તો તે મહિલા ભરણપોષણની રકમ માટે હકદાર ગણાય છે. હાઈકોર્ટે જણાવ્યું છે કે, આ પ્રકારના મામલામાં મહિલાના અન્ય પુરુષ સાથે સંબંધ હોય તો તેને ભરણપોષણની રકમ મળી શકતી નથી.

આ સમગ્ર મામલા પર નજર નાખવામાં આવે, તો, ૮ મે ૧૯૮૯ના રોજ આ દંપતીના લગ્ન થયા હતા. લગ્ન બાદ દંપતીને સંતાન થતું નહોતું. આ કારણોસર પતિ પત્ની વચ્ચે અવાર નવાર ઝઘડા થતા હતા. આ ઝઘડો એટલી હદે વધી ગયો હતો કે, તે મહિલા પોતાના પતિને નામર્દ કહેવા લાગી હતી. તે મહિલાએ અન્ય પુરુષ સાથે સંબંધ પણ બનાવી લીધા હતા.

મહિલાએ પાડોશમાં રહેતા એક જેલ અધિકારી સાથે વાતચીત વધારી દીધી હતી. મહિલા અને આ જેલ અધિકારી આપત્તિજનક પરિસ્થિતિમાં પણ પકડાઈ ગયા હતા. આ તમામ બાબતોથી પરેશાન થઈને મહિલાના પતિએ મહિલાને લગ્નના ૧૭ વર્ષ બાદ છોડી દીધી અને કોર્ટ પાસે તલાકની માંગણી કરી હતી. ત્યારબાદ મહિલાએ કોર્ટ પાસે ભરણપોષણની રકમ માટે અરજી કરી હતી.

## પીઓકે વગર કાશ્મીરનો વિકાસ અધુરોઃ રક્ષામંત્રી
# રક્ષામંત્રી રાજનાથસિંહ સામે 'પીઓકે અપાવો'ના નારા લાગ્યા,'થોડી ધીરજ રાખો'
### પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં પણ પાકિસ્તાન સરકાર અને સેના વિરુદ્ધ અવાજ ઉઠતો રહે છે.

શિમલા,તા.૪

રક્ષા મંત્રી રાજનાથ સિંહ પીઓકે અંગે પાકિસ્તાનને ઘણી વખત ચેતવણી આપી ચૂક્યા છે. શૌર્ય દિવસના અવસર પર તેમણે કહ્યું હતું કે જયાં સુધી વિકાસ ગિલગિટ-બાલ્ટિસ્તાન નહીં પહોંચે ત્યાં સુધી કાશ્મીરનો વિકાસ અધૂરો રહેશે.તેણે એમ પણ કહ્યું હતું કે પાકિસ્તાન પીઓકેના લોકો પર અત્યાચાર કરી રહ્યું છે. હવે જ્યારે રાજનાથ સિંહ હિમાચલ પ્રદેશમાં રેલી કરવા પહોંચ્યા ત્યારે જ જનસભામાં પહોંચેલા લોકોએ જ પીઓકે અંગે પૂછવાનું શરૂ કર્યું. આ સાંભળીને રક્ષા મંત્રીએ કહ્યું, ધીરજ રાખો.રાજનાથ સિંહની રેલીમાં લોકો 'ભારત માતા કી જય'ના નારા લગાવી રહ્યા હતા. તેમણે કહ્યું કે, અમે એવા બહાદુર સૈનિકો જોયા છે જે જરૂર પડ્યે સરહદ પર જવા માટે પણ તૈયાર હોય છે. આમાં ભીડમાંથી અવાજ આવ્યો,




'પીઓકે અપાવો' આના પર રાજનાથ સિંહ પણ હસવાનું રોકી શક્યા નહીં. તેમણે ધીરજ રાખવાની અપીલ કરી હતી.

પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં પણ પાકિસ્તાન સરકાર અને સેના વિરુદ્ધ અવાજ ઉઠતો રહે છે. તે જ સમયે, સીપીઈસિસ પ્રોજેક્ટ જેને લઈને ચીન ખૂબ ઉત્સુક લાગે છે, તેનો પણ પીઓકેમાં વિરોધ થઈ રહ્યો છે. ભારત પણ આ પ્રોજેક્ટનો વિરોધ કરે છે. વિદેશ મંત્રી એસ જયશંકરે આ પ્રોજેક્ટને લઈને એસસીઓની બેઠકમાં ચીન અને પાકિસ્તાનને ઠપકો આપ્યો છે. તેમણે કહ્યું કે ચીનના કનેક્ટિવિટી પ્રોજેક્ટથી કોઈની સંપ્રભુતા અને અખંડિતતાને નુકસાન ન પહોંચવું જોઈએ.ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર આપણા દેશનો એક ભાગ છે, જે જમ્મુ અને કાશ્મીરને અડીને છે અને હાલમાં પાકિસ્તાનના કબજા હેઠળ છે. વિભાજન પછી પાકિસ્તાને અહીં ખોટી રીતે કબજો જમાવ્યો હતો. આ કાવતરું પાકિસ્તાને આદિવાસી વિદ્રોહીઓને પ્યાદા બનાવીને કર્યું હતું. તે બે ભાગોમાં વહેંચાયેલું છે જે ગિલગિટ અને બાલ્ટિસ્તાન તરીકે ઓળખાય છે.સેના પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને આઝાદ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે અને સરકારના આદેશની રાહ જોઈ રહી છે. આ માહિતી ખુદ ચિનાર કોર્પ્સના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એડીએસ ઓજલાએ આપી હતી. તેમણે થોડા દિવસ પૂર્વે કહ્યું કે ભારતીય સેના પીઓકે પર રાજનાથ સિંહના સંકેત બાદ ×કાર્યવાહી માટે સંપૂર્ણ રીતે તૈયાર× છે. લેફ્ટનન્ટ જનરલ એડીએસ ઓજલાએ કહ્યું, 'ભારતીય સેના સંપૂર્ણ રીતે તૈયાર છે અને અમે સરકારના આદેશ પર કોઈપણ કાર્યવાહી માટે તૈયાર છીએ.

# શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ– એનીમલ હેલ્પલાઈન દ્વારા નુતન વર્ષ સ્નેહમિલન,
### ભકિત સંધ્યા તથા નવા ટ્રસ્ટીઓનો સત્કાર સમારંભ, જીવદયા સંમેલન



ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ એવોર્ડ વિજેતા સંસ્થા અને નિઃશુલ્ક પશુ-પક્ષી સારવાર ક્ષેત્રે ભારતની સૌથી મોટી સંસ્થા શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, રાજકોટ દ્વારા તા.૦૬/૧૧/૨૦૨૨, રવીવારે, સાંજે ૬–૦૦ થી ૧૦-૦૦ કલાક સુધી શેણી મેમોરીયલ ટ્રસ્ટ(એનીમલ હેલ્પલાઈન શેલ્ટર), શ્રેયસ સ્કૂલની બાજુમાં, નાગેશ્વર તીર્થની સામે, શેઠનગર પાસે, જામનગર રોડ, રાજકોટ ખાતે નુતન વર્ષ સ્નેહમિલન, ભકિત સંધ્યા તથા નવા ટ્રસ્ટીઓનો સત્કાર સમારંભ અને જીવદયા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલ હેલ્પલાઈન, રાજકોટના નવા ટ્રસ્ટીઓ શ્રી ગૌરાંગભાઈ ઠકકર તથા શ્રી પારસભાઈ મહેતાનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે ભકિત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ ભટ્ટ, નિરૂ દવે, અવધ ભટ્ટ તથા સાથી કલાકારો (જુનાગઢ)વાળા ભજન સંધ્યા 'વિજળીનાં ચમકારે' પોતાની આગવી શૈલીમાં શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે. આ કાર્યક્રમમાં પૂ. પરમાત્માનંદ સરસ્વતીજી(હિન્દુ ધર્માચાર્ય મહાસભા) દ્વારા આર્શીવચન પાઠવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, રાજકોટ દ્વારા દર માસે ૯૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની ૧૦ એમ્બ્યુલન્સ અને ૨ બાઈક એમ્બ્યુલન્સ દ્વારા સ્થળ પર જ નિઃશુલ્ક સારવાર, ૧૨૦૦ જેટલા બીમાર, ઘવાયેલા પશુ-પક્ષીઓને આશ્રય, પશુ-પક્ષીઓ માટે રોજીંદુ હરતું–ફરતું અન્નક્ષેત્ર, ઋતુ અનુસાર પક્ષીઓને દરરોજ ૩૦૦ કિલો ચણ, ૭૦૦ શ્વાનોને દરરોજ ૨૫૦ લીટર દુધ અને ૫૦ કિલો લોટની રોટલી, કિડીઓને દરરોજ ૧૫ કિલો કીડીયારૂ, માછલીઓને દરરોજ ૪૦ કિલો લોટની ગોળી, ખિસકોલીઓને દરરોજ ૩૦ કિલો મકાઈના ડોડા ખવડાવવા વિગેરે જેવી અનેક સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. સંસ્થાની સમગ્ર પ્રવૃતિઓ અંગે વિજયભાઈ ડોબરીયા (સદભાવના વૃધ્ધાશ્રમ)નો સતત સહયોગ મળી રહયો છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ઘનશ્યામભાઈ ઠકકર, ધીરેન્દ્રભાઈ કાનાબાર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સહીતની ટીમ જહેમત ઉઠાવી રહી છે. આ કાર્યક્રમની વિશેષ વિગતો માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો.૯૯૯૮૦ ૩૦૩૯૩) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# અમે બળવો નથી કર્યો, અમે ક્રાંતિ કરી, આ સરકાર કોઈ મુખ્યમંત્રીની ખુરશી માટે નથી બનાવી : સીએમ એકનાથ શિંદે

મુંબઇ,તા.૪

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આ મંચ પર રાજનીતિ પર વિશેષ ચર્ચા કરી અને મહારાષ્ટ્રના વિકાસ માટેનો રોડમેપ જણાવ્યો. જ્યારે તેમને મુંબઈના રસ્તાઓ વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે તેમના વતી સમયમર્યાદા પણ આપી હતી.

મુખ્યમંત્રીએ  કહ્યું કે બે વર્ષમાં મુંબઈના રસ્તાઓ ખાડામુક્ત થઈ જશે. રસ્તાઓ કોંક્રીટના બનશે, સિમેન્ટના બનશે. એકનાથ શિંદેએ કહ્યું કે, આખા મહારાષ્ટ્રના રસ્તાઓનું સમારકામ કરવામાં થોડો સમય લાગશે, પરંતુ બે વર્ષમાં મુંબઈના રસ્તાઓ સંપૂર્ણપણે રિપેર થઈ જશે. તમામ રસ્તાઓ કોંક્રીટના હશે અને તેની યોગ્ય જાળવણી પણ કરવામાં આવશે.

મુખ્યપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે આ સરકાર કોઈ મુખ્યમંત્રીની ખુરશી માટે નથી બનાવી. તેમના માટે સીએમ એટલે સામાન્ય માણસ. તે લોકોનો માણસ છે, લોકો માટે કામ કરે છે, તેમનો વિકાસ કરે છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે સરકાર ચલાવવાનું તેમનું મોડેલ શું હશે, તો તેમણે કહ્યું કે તેઓ વિકાસ તરફી, લોકો તરફી સરકાર ચલાવે છે. પહેલા શું થઈ રહ્યું હતું તે દરેકે જોયું છે. છેલ્લા અઢી વર્ષથી તમામ કામો ઠપ્પ થઇ ગયા હતા.

હવે લોકો તહેવારો પણ ઉજવે છે. ખુશ રહો, વિકાસ થાય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર થઈ રહ્યું છે.

હવે શિંદે સરકારમાં આવી ગયા છે, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપે તેમને આ તક આપી છે. આવી સ્થિતિમાં, શું તેઓ આગળ પણ સીએમનો ચહેરો બનવા જઈ રહ્યા છે, શું તેમને ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં પણ મુખ્યમંત્રી બનાવવામાં આવશે? એકનાથ શિંદેએ આ પ્રશ્નનો કોઈ સીધો જવાબ આપ્યો નથી.

તેમણે એટલું જ કહ્યું કે સીએમ બનાવવું એ જનતાનું કામ છે, જનતા ઈચ્છે તો કોઈ પણ સીએમ બની શકે છે. તેમણે માત્ર લોકોનો વિકાસ કરવાનો છે, તેમણે લોકો માટે કલ્યાણકારી યોજનાઓ બનાવવાની છે. અમારું કામ માત્ર સારું કામ કરવાનું છે, બાકીનું કામ લોકોના હાથમાં છે.

હવે એકનાથ શિંદેને વિશ્વાસ છે કે લોકોના આશીર્વાદ તેમની સાથે છે. તેઓ માને છે કે જે પણ સત્તા પરિવર્તન થયું છે તે લોકોની ઈચ્છાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. તેમની તરફથી કોઈ બળવો નહોતો, તે એક ક્રાંતિ હતી. તેઓ કહે છે કે પૈસાથી માત્ર બેથી ત્રણ ધારાસભ્યો અમારી સાથે આવી શક્યા. પરંતુ અહીં ૫૦ ધારાસભ્યો એકસાથે આવ્યા હતા. આવું વિશ્વમાં ક્યાંય બન્યું નથી. આ એક ક્રાંતિ હતી.

# કોંગ્રેસ પક્ષના ચિન્હ ઉપર ચૂંટાઈને આવેલ અને આમ આદમીમાં જોડાયેલ પક્ષપલ્ટુ કોર્પોરેટરોને સરકાર દ્વારા ગેરલાયક ઠેરવવાના હુકમને વધાવતું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અને રાજકોટ શહેર કોંગ્રેસ

- જે રીતે ગુજરાત સરકાર દ્વારા કાયદાને ધ્યાને રાખી હુકમ કરેલ છે તેથી પ્રજામાં જે ભયનો માહોલ છે ત્યારે માત્ર લોકોની આસ્થા ન્યાય તંત્ર ઉપર રહી છે ત્યારે આ બંને કોર્પોરેટરોને ન્યાયના હિતમાં ગેરલાયક ઠેરવાયા છે જેને અમો આવકારીએ છીએ- મહેશ રાજપુત
- સરકારશ્રી આ ચુકાદાનો તાત્કાલિક અમલ કરે અને પેટા ચુંટણી જાહેર કરે – પ્રદીપ ત્રિવેદી
- આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી કેજરીવાલજીને અમારી ખુલ્લી ચેલેન્જ – આવો વોર્ડ નં.૧૫ની પેટા ચૂંટણી જીતી દેખાડો : ભાનુબેન સોરાણી



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની સંયુક્ત યાદીમાં જણાવ્યું છે કે કોંગ્રેસ પક્ષમાંથી પક્ષપલટો કરનાર સામે સરકારે નિર્ણય આપ્યો એ નિર્ણય લોકશાહી માટે યોગ્ય છે જયારે ભાજપ, કોંગ્રેસ આમ આદમી પાર્ટી કે અન્ય કોઈપણ રાજકીય પક્ષમાંથી પક્ષ પલટો કરનાર વ્યક્તિ સામે આ પ્રકારનો ચુકાદો આપવો જોઈએ તેમજ કોઈપણ રાજકીય પક્ષમાંથી ચૂંટાઈ ને આવેલ સભ્ય એ પ્રજા અને પક્ષ સાથે વિશ્વાસઘાત કર્યો હોય તેવા વિશ્વાસઘાતીઓ સામે આ પ્રકારનો નિર્ણય આપવો જોઈએ.

કોંગ્રેસ પક્ષના ચિન્હ ઉપર ચૂંટાઈને આવેલ અને આમ આદમીમાં જોડાયેલ પક્ષપલ્ટુ કોર્પોરેટરોને સરકાર દ્વારા ગેરલાયક ઠેરવવાના હુકમને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અને રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા ફટાકડા ફોળી મીઠા મોઢા કરાવી વધાવવામાં આવ્યો હતો.

આ તકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી મહેશભાઈ રાજપુતે જણાવ્યું છે કે જે રીતે ગુજરાત સરકાર દ્વારા કાયદાને ધ્યાને રાખી હુકમ કરેલ છે તેથી પ્રજામાં જે ભયનો માહોલ છે ત્યારે માત્ર લોકોની આસ્થા ન્યાય તંત્ર ઉપર રહી છે ત્યારે આ બંને કોર્પોરેટરોને ન્યાયના હિતમાં ગેરલાયક ઠેરવાયા છે જેને અમો આવકારીએ છીએ.

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદીએ આ તકે જણાવ્યું છે કે ગુજરાત સરકાર દ્વારા આ પ્રજાહિતમાં લેવાયેલ ચુકાદાનો તાત્કાલિક અમલ કરે અને વોર્ડ નં.૧૫માં પેટા ચુંટણી જાહેર કરે.

રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા શ્રીમતી ભાનુબેન સોરાણીએ જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીના દિલ્લીના મુખ્યમંત્રી કેજરીવાલજીને અમારી ખુલ્લી ચેલેન્જ છે વોર્ડ નં.૧૫ની પેટા ચૂંટણીમાં જીતી દેખાડો અને પ્રજાનો મત મેળવી દેખાડો તેવી ખુલ્લી ચેલેન્જ કરેલ છે.

આજના કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રદીપભાઈ ત્રિવેદી, ભાનુબેન સોરાણી, મહેશભાઈ રાજપુત, જશવંતસિંહ ભટ્ટી, ભરતભાઈ મકવાણા, ઘનશ્યામસિંહ જાડેજા, નરેશભાઈ સાગઠીયા, જયપાલસિંહ રાઠોડ, હાર્દિપ રાજપુત, ઘનશ્યામભાઈ મકવાણા, આશિસસિંહ વાઢેર, મુકુંદ ટાંક, મયુરસિંહ પરમાર, કેતનભાઈ જરીયા, ચંદ્રિકાબેન વારાણીયા, ભાવીશાબેન પરમાર, પુનમબેન રાજપુત, નાગજીભાઈ વિરાણી, પ્રહલાદસિંહ ઝાલા, મનોજભાઈ ગેડિયા, હેમંત સોઢા, જગદીશ સાગઠીયા, જીતેન્દ્રભાઈ રૈયાણી, વાલજીભાઈ બથવાર, ભાવેશભાઈ લુણાગરિયા, જીગ્નેશભાઈ ડોડીયા, હર્ષદભાઈ વઘેરા, રવિભાઈ ડોડીયા, કરશનભાઈ મુછડિયા, વશરામભાઈ ચાંડપા, હીરાલાલ પરમાર, વનરાજભાઈ ઝાપડા, અરવિંદભાઈ મુછડિયા, નરેશભાઈ પરમાર, રમેશભાઈ દૈયા, છત્રપાલ સિંધવ, વસંતભાઈ ચાવડા, હરેશભાઈ ગોહેલ, પુનમભાઈ ઘેડા, વિશાલભાઈ ઘેડા, દેવાંગ પટેલ, હિમતભાઈ મયાત્રા, વરજાંગભાઈ કરમટા, મહેશભાઈ પાસવાન, પુંજાભાઈ કરમટા, રાજુભાઈ કરમટા, રાજાભાઈ, હિતેશભાઈ મહેતા, રાજુભાઈ માંડલિયા, વિજયસિંહ ચૌહાણ, સલીમભાઈ કારીયાણી, રામભાઈ કોળી, રવિભાઈ પરમાર, સહિતના કોંગ્રેસના આગેવાનો-હોદ્દેદારો-કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેવું રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની યાદીમાં જણાવ્યું છે.

## ચુટણી જાહેર થતા બનાસકાંઠા ની બોડરો સીલ,,,

**આઇટીબીપી સાથે ગુજરાત પોલીસ નુ સઘન વાહન ચેકિંગ ,,,**



સમાચાર ગુજરાત માં વિધાનસભાની ચૂંટણી જાહેરથતા રાજસ્થાન તેમજ પાકિસ્તાન સરહદ ને અડીને આવેલા બનાસકાંઠા જિલ્લાની સરહદ છાપરી, ખોડા, ગુંદરી, કપાસીયા, ને નાવા, તેમજ અમીરગઢ બોડરો સીલ કરી આઈટીબીપી તેમજ ગુજરાત પોલીસે આવતા જતા વાહનો નુ સધન ચેકીંગ હાથ ધયૃ છે ,, ફોટો અહેવાલ,, સુરેશ રાવલ

# મતદાન કરવું કે લગ્ન

# ૨,૪ અને ૮ ડિસેમ્બરે શ્રેષ્ઠ મુર્હુતો હોવાથી ચિકકાર લગ્નો: મતદાનને પણ અસર થઈ શકે

અમદાવાદ,તા.૪

ગુજરાતમાં ચૂંટણીની સાથોસાથ લગ્નોના ઢોલ પણ વાગવાના હોવાથી રાજકીય પક્ષો મુંઝવણમાં મુકાય તેમ છે. રાજયમાં ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં જ બન્ને તબકકાના મતદાન થવાના છે અને આ અઠવાડિયામાં ૩૫૦૦૦ થી વધુ લગ્નો યોજાવાના છે.

ગુજરાતમાં ૧ અને ૫ ડિસેમ્બરે બે તબકકામાં વિધાનસભા ચૂંટણી જાહેર થઈ છે પરંતુ આ જ સમયગાળામાં ભરચકક લગ્નગાળો હોવાથી મતદાનને અસર થવાની આશંકા ઉભી થવા લાગી છે. જાણકારોના કહેવા પ્રમાણે ૧થી૫ ડિસેમ્બરના ગાળામાં ગુજરાતમાં ૩૫૦૦૦થી વધુ લગ્નો હોવાનો અંદાજ છે. આ સંજોગોમાં હજારોની સંખ્યામાં લોકો લગ્ન સમારોહમાં વ્યસ્ત હશે. બહારગામ પણ ગયા હશે એટલે મતદાન પર અસર થઈ શકે છે. રાજયમાં લગ્નગાળો ૨૨ નવેમ્બરથી શરૂ થવાનો છે અને જાન્યુઆરીમાં કમૂરતા સુધીમાં કુલ ૮૦૦૦૦ થી વધુ લગ્નો યોજાવાના છે.

ધાર્મિક પંડિતોના કહેવા પ્રમાણે આ વખતે ૨,૪ અને ૮ ડિસેમ્બરના લગ્નના અત્યંત શુભ-શ્રેષ્ઠ મુર્હુતો છે અને આ ત્રણ દિવસમાં જ રોજના ૧૫૦૦૦ થઈને કુલ ૪૫૦૦૦ લગ્નો હોવાનો અંદાજ છે. મતદાનના દિવસના આગલા-પાછલા દિવસે જ મોટી સંખ્યામાં લગ્નો હોવાથી બહારગામ ગયેલા લોકો પરત આવી શકવા વિશે શંકા છે અને તેની મતદાન પર અસર થઈ શકે છે.

આ વર્ષે નાઈટ કરફયુ કે કોરોનાને લગતા કોઈ નિયંત્રણો નથી પરિણામે લગ્નોની સંખ્યામાં ઘણો મોટો વધારો થયો છે. છેલ્લા બે વર્ષ દરમ્યાન પાછા ઠેલાયેલા લગ્નો કે તેને લગતા સમારોહ પણ આ નવેમ્બર-ડિસેમ્બરમાં ગોઠવવામાં આવ્યા છે. કોરોનાકાળમાં કોઈ સમારોહ વિના જ લગ્ન કરી લેનારા સંખ્યાબંધ પરિવારોએ પણ હવે સમારંભો રાખ્યા છે. રાજકોટ, અમદાવાદ સહિત રાજયભરના શહેરોમાં ૧થી૪ ડિસેમ્બર સુધી તમામ વાડી, હોલ, પાર્ટીપ્લોટ વગેરે બુક છે. આ ઉપરાંત એનઆરઆઈ-ડેસ્ટીનેશન વેડીંગનું પ્રમાણ પણ ઘણુ વધુ છે.

લગ્નો કરાવતા ગોરમહારાજોને પણ તડાકો છે. ૨ અને ૪ ડિસેમ્બરે એક-એક દિવસે જ ૩-૩ લગ્નોના બુકીંગ છે. લગ્ન પુર્વે પ્રિ-વેડીંગનો ટ્રેન્ડ છે. ઉપરાંત અન્ય વિધિ પણ રહેતી હોય છે એટલે પરિવારો તેમાં વ્યસ્ત રહેવાનું સ્વાભાવિક છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી વખતે પણ લગ્નગાળો હતો અને ત્યારે અંદાજીત ૨૫૦૦૦ લગ્ન સમારોહ હતા.

અમદાવાદ, રાજકોટની જેમ સુરત-વડોદરા જેવા મહાનગરોમાં પણ હાલત સમાન છે. શ્રેષ્ઠ મુર્હુતના દિવસોમાં સુરતમાં રાજયના ૨૦૦લગ્નો છે. તમામ હોલ-વાડી-પાર્ટીપ્લોટ બુક છે. વડોદરામાં ૨,૪,૮ અને ૯ ડિસેમ્બરના સૌથી વધુ લગ્નો હોવાનું જણાવાય છે.

# રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના ગુજરાત પ્રવાસની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે

અમદાવાદ,તા.૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત સાથે કોંગ્રેસના સ્ટાર પ્રચારકો હવે ચૂંટણી પ્રચારમાં જોડાશે. ત્યારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. નવેમ્બરના બીજા સપ્તાહમાં રાહુલ ગાંધી ગુજરાત આવી શકે છે. આ પ્રવાસ દરમિયાન રાહુલ ગાંધી મધ્ય ગુજરાતમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરા ખાતે રાહુલ ગાંધીની જાહેરસભા યોજાઇ શકે છે.



રાહુલ ગાંધી ભારત જોડો યાત્રામાં બ્રેક લઈ ગુજરાત આવશે. હિમાચલ પ્રદેશમાં મતદાન બાદ પ્રિયંકા ગાંધી પણ ગુજરાત આવશે. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના પ્રવાસની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. કોંગ્રેસના સિનિયર નેતાઓ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે. જેને લઈ કોંગ્રેસની પરિવર્તન યાત્રામાંથી સમય કાઢી રાહુલ ગાંધી ગુજરાતમાં બે દિવસનો પ્રવાસ કરશે.

હાલ કોંગ્રેસ નેતા રાહલુ ગાંધીની ભારત જોડો યાત્રા ૧૫૦ દિવસ સુધી ચાલે તેવું આયોજન છે. આ ૧૫૦ દિવસ ચાલનારી રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દક્ષિણ ભારતથી શરૂ થઈને છેક ઉત્તર ભારતમાં પૂરી થશે. આ યાત્રામાંથી થોડા દિવસ બ્રેક લઈને રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ગુજરાત પ્રચાર માટે આવશે.

# ૧૫ દિવસમાં ૫૦ લાખ હિન્દુઓને જોડશે VHP : ૧૦ હજાર ગામડાઓ સુધી પહોચશે હિતચિંતક અભિયાન

૬ નવેમ્બરથી શરૂ થતા હિતચિંતક અભિયાન થકી વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાતના ૧૦ હજાર ગામડાઓમાં પહોંચીને ૫૦ લાખ હિન્દુઓને જોડશે. VHPના કેન્દ્રીય નેતા શ્રી કૌશિકભાઈ મહેતાએ જણાવ્યું હતું કે ૨૦૨૪માં વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થશે, ૬ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી ષષ્ઠી પૂર્તિના અવસર પર દેશભરમાં હિંદુઓ સુધી પહોચવા માટે વિશ્વ હિન્દુ પરિષદનું રાષ્ટ્રવ્યાપી હિતચિંતક અભિયાન ચલાવશે, જે અંતર્ગત ગુજરાતભરમાં પણ આ અભિયાન સર્વસ્પર્શી બનાવવા માટે વિહિપના કુલ ૨૫ હાજરથી વધુ કાર્યકરો કામે લાગશે.




ઉત્તર ગુજરાત પ્રાંતના ૩ હજાર ગામ, સૌરાષ્ટ્ર પ્રાંતના ૪ હજાર ગામ, અને મધ્ય ગુજરાતના ૩ હજાર ગામ સુધી પહોંચી ૫૦લાખ હિંદુઓ સુધી પહોચવાનું લક્ષયાંક પૂર્ણ કરશે.

આ અભિયાનથી અમે સમાજના દરેક વર્ગ , જાતિ, પંથ , સંપ્રદાયનો સંપર્ક કરીશું અને તેમને રાષ્ટ્રહિતના કાર્યો સાથે જોડીશું.

અભિયાનમાં ખાસ વર્ગના લોકોને જોડવા માટે વિશેષ સંપર્ક પણ કરવામાં આવશે. આ અંતર્ગત તમામ પ્રકારની સેલિબ્રિટીઓ સહીત પ્રબુદ્ધ નાગરિક જેમ કે ડોક્ટર, એન્જિનિયર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વકીલ, ભૂતપૂર્વ ન્યાયાધીશો, ગાયકો, અભિનેતાઓ, રમતવીર વગેરેને પણ જોડવામાં આવશે.


વીએચપીના કેન્દ્રીય નેતા શ્રી કૌશિકભાઈ મહેતાએ કહ્યું કે હિતચિંતક અભિયાનની ટોળીનું લક્ષ્ય ગુજરાતના ૧૦ હજાર ગામડાઓ સુધી પહોંચવાનું અને ૫૦ લાખ હિતચિંતક બનાવવાનું નક્કી કર્યું છે. આ અંતર્ગત લોકોને વીએચપીના કાર્યો વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

હિત ચિંતક અભિયાનનો ઉદ્દેશ્ય VHPના વિવિધ આયામો દ્વારા ચાલતાં સેવાકાર્યોને વિસ્તારવાનો અને લોકો સુધી પહોચાડવાનો છે. તે ઉપરાંત વધુ ને વધુ વંચિત સમાજને સેવા કાર્ય સાથે જોડવા, સનાતન સંસ્કારોને નવી પેઢી સુધી પહોંચાડવા, ગાયોનું રક્ષણ, સામાજિક સમરસતા, મહિલા સશક્તિકરણ, કુટુંબ પ્રબોધન , પર્યાવરણ સંરક્ષણ અને મઠ-મંદિરોની સુવ્યવસ્થિત વ્યવસ્થા તેમજ હિંદુ સમાજને સંગઠિત કરી સુરક્ષાનો ભાવ જગાડવા માટેની સંકલ્પ ભાવના કેળવવીએ પણ અભિયાનનો ઉદ્દેશ્ય છે.

હિતેન્દ્રસિંહ રાજપૂત
(પ્રવકતા - વિહિપ.ગુજરાત)






## ચૂંટણી ચકરાવો

ચૂંટણીના ચકરાવવામાં જોઈએ તો પ્રદેશ ભાજપ બેઠક આજરોજ આણંદ ,દાહોદ,,, છોટાઉદેપુર, વડોદરા શહેર જિલ્લો, ગીર સોમનાથ જુનાગઢ શહેર અને જિલ્લો, સુરત શહેર અને જિલ્લો અને કર્ણાવતી એમ કુલ મળીને ૭૭ બેઠકોનું મૂલ્યાંકન આજરોજ કમલન ખાતે કેન્દ્રીય ગૃહ સરકાર મંત્રી અમિત શાહ રાજયના સીએમ ભુપેન્દ્ર પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ અને પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો મળીને ઉપરોક્ત વિધાનસભાની બેઠકમાં જે જે લોકોએ ઉમેદવારી નોંધાવવા નામ અને બાયોડેટા આપ્યા છે તેની ચર્ચાઓ કરીને આજે છેલ્લા ત્રણ દિવસથી ચાલતું ૧૮૨ વિધાનસભા સીટ નું મૂલ્યાંકન પૂરું થશે અને દિલ્હી યાદી મોકલવામાં આવશે જેને ભાજપ સુપ્રીમો દ્વારા કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડમાં મંજૂરી સાથે યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે જોકે કોઈપણ ઉમેદવારને ચૂંટણી લડવા માટેનો આ પૂરતો સમય કઈ ન શકાય કોઈપણ ઉમેદવાર એટલો બધો દ્વિધામાં હશે કે જેની કોઈ સીમા નથી તેવી ચર્ચાઓ ચાલી રહી છે આવું ચૂંટણી પંચે શાસક સરકાર સાથે મળીને કેમ નક્કી કર્યું તે પણ કંઈ સમજાતું નથી.

# ૧૭૩–ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતવિસ્તારની રાજકિય પાર્ટીઓના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજતુ જિલ્લા ચૂંટણી તંત્ર

**આદર્શ આચાર સંહિતાના અમલીકરણ સાથે જુદી જુદી ચીજવસ્તુઓના ભાવો નિર્ધારીત કરતા**

આહવા: તાઃ ૪ : ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ જાહેર થતાની સાથે જ, ચૂંટણી તંત્રમા ધમધમાટ શરૂ થઈ ગયો છે.

૧૭૩–ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતવિસ્તારના રાજકિય પાર્ટીઓના પ્રતિનિધિઓ સાથે, ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેક્ટર શ્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજાએ શ્રેણીબદ્ધ બેઠકો યોજી આદર્શ આચાર સંહિતાનુ ચુસ્ત અમલીકરણ, અને ચૂંટણી ખર્ચના વિવિધ ચીજવસ્તુઓના ભાવો નિર્ધારીત કર્યા હતા.



ડાંગ જિલ્લા સેવા સદન ખાતે આયોજિત બેઠકમા માર્ગદર્શન આપતા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ સૌને આદર્શ આચાર સંહિતાના અમલીકરણ સાથે નિષ્પક્ષ ન્યાયી અને પારદર્શક ચૂંટણી પ્રક્રિયામા સૌને સહયોગી બનવાની અપીલ કરી હતી.

દરમિયાન જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી ખર્ચ માટે જુદી જુદી ચીજ વસ્તુઓના ભાવો પણ સર્વાનુમતે નિર્ધારીત કરાયા હતા.

બેઠકમા જિલ્લાના નોંધાયેલા રાજકિય પક્ષોના પ્રતિનિધિઓ સહિત જિલ્લા વિકાસ અધિકારી અને ખર્ચના નોડલ ઓફિસરશ્રી ડો. વિપીન ગર્ગ, નિવાસી અધિક કલેક્ટર શ્રી પી.એ.ગાવિત, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એસ.ડી.ચૌધરી, ચૂંટણી મામલતદાર શ્રી મેહુલ ભરવાડ સહિત જુદી જુદી સમિતિઓના નોડલ ઓફિસરો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર, ડાંગ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.